
# ચોમાસુ ખેતી : સાબરકાંઠા, અરવલ્લીમાં ૯૧,૦૦૦ હેક્ટરમાં ખરીફ વાવેતર

### કપાસ, મકાઈ, મગફળી, દિવેલાનું વાવેતર માટે ખેડૂતો ઉત્સાહીત

બાયડ તા.૨૯ સાબારકાંઠા, ખેડૂતોએ વાવેતર કર્યું હોવાનું ખેતી સૂત્રો જણાવી રહ્યા છે. મન પરોવ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં મોટાભાગના છે. જયારે અરવલ્લીના ધનસુરા તાલુકામાં ઓણસાલ

**જિલ્લામાં ખરીફ વાવેતરની સ્થિતિ..**

| તાલુકા | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ઈડર | ૧૮,૪૬૮ |
| હિંમતનગર | ૧૪,૫૦૪ |
| તલોદ | ૯૪૩૮ |
| વડાલી | ૯૪૦૪ |
| બાયડ | ૮૦૦૦ |
| ખેડબ્રહ્મા | ૬૯૫૫ |
| પ્રાંતિજ | ૫૪૩૪ |
| ભિલોડા | ૫૨૭૩ |
| માલપુર | ૫૩૨૮ |
| મેઘરજ | ૪૪૦૫ |
| મોડાસા | ૧૬૮૪ |
| વિજયનગર | ૧૫૧૨ |
| ધનસુરા | ૮૭૦ |
| પોશીના | ૨૦૦ |



અરવલ્લી જિલ્લામાં વર્તમાન ચોમાસુ સીઝનમાં ૧૪ તાલુકામાં ૯૧,૨૭૫ હેક્ટર જમીનમાં ખરીફ વાવેતર થયું છે. જિલ્લામાં આ વર્ષે વરસાદનું વહેલું આગમન થયું ખેડૂતોમાં વાવેતર માટે સારો ઉત્સાહ જોવા મળ્યો. વાવણીલાયક વરસાદ પછી કપાસ, મકાઈ, મગફળી, જુવાર, તલ, દિવેલા તેમજ શાકભાજી સહિતના પાકોનું જ્યારે આગામી સમયમાં વરસાદની હાજરી નોંધાયા પછી વાવેતર વિસ્તાર હનુમાન કુદકો લગાવી શકે છે.

જિલ્લામાં વાવણી લાયક વરસાદ મોટાભાગના વિસ્તારોમાં વરસ્યો છે જેના કારણે સીમાડાઓમાં ખરીફ ખેતીનો ધમધમાટ શરૂ થયો છે. આગામી દિવસોમાં ચોમાસુ સારૂ જામશે અને વરસાદનો આગામી રાઉન્ડ ધમાકેદાર હશે તેમ માની ખેડૂતોએ ખરીફ વાવેતરમાં ખેડૂતોને ઘરેલું સિંચાઈનો વધુ લાભ મળ્યો હોવાના કારણે ઈડર સહિતના વિસ્તારોમાં અન્ય તાલુકાની સરખામણીએ વાવેતર વિસ્તાર વધુ નોંધાયો છે. જ્યારે ટ્રાયબલ ગણાતા પોશીના પંથકમાં સિંચાઈના પાણીની અપર્યાપ્ત સુવિધાઓ ઉપરાંત મોટાભાગના ખેડૂતો આકાશી ખેતી ઉપર નભતા હોય છે જેથી હાલની સીઝનમાં માંડ ૨૦૦ હેક્ટર જમીનમાં ખરીફ વાવેતર થયું વર્તમાન સીઝનનું ૮૭૦ હેક્ટર જમીનમાં વાવેતર સંપન્ન થયું છે. બંન્ને જિલ્લામાં ખરીફ વાવણી ઉત્સાહપૂર્વક આરંભ થતાં ખેત સીમાડા ધમધમવા લાગ્યા છે. જેમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ-૬૫,૭૧૫ અને અરવલ્લી જિલ્લામાં ૨૫,૫૬૦ હેક્ટર જમીનમાં ખેડૂતોએ વિવિધ પાકનું વાવેતર કર્યું છે. જેમાં આગામી દિવસોમાં વાવેતર વિસ્તારમાં વધારો થવાની સંભાવના છે.

## આંદોલનકારી પ્રવિણ રામ આખરે આમ આદમી પાર્ટીમાં જોડાયા

જૂનાગઢ,તા.૨૯

વર્ષ ૨૦૨૨માં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી આમ આદમી પાર્ટીએ સંગઠનને મજબૂત બનાવવા તડામાર તૈયારીઓ શરૂ કરી છે. સમાજમાં અલગ અલગ ક્ષેત્રમાં નામના મેળવનારાઓને પાર્ટીમાં સ્થાન આપી આપ સતત વિસ્તાર કરી રહી છે. આંદોલનકારી પ્રવીણ રામે સત્તાવાર રીતે આજે જૂનાગઢ ખાતે આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કરી લીધો છે. બે દિવસ પહેલા ગુજરાતની મુલાકાતે આવેલા દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા સાથે બેઠક કર્યા બાદ આજે જૂનાગઢમાં સ્થાનિક નેતાઓ ગોપાલ ઈટાલિયા સહિતનાની હાજરીમાં પ્રવીણ રામ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

આ તકે પ્રવીણ રામે કહેલ કે, ગુજરાતમાં ૨૦૨૨ માં આ ભ્રષ્ટ સરકારની જગ્યાએ શિક્ષિત અને ઈમાનદાર સરકાર બનાવવાનો પ્રયત્ન રહેશે. આગામી દિવસોમાં રાજ્યમાં આમ આદમી પાર્ટીને મજબુત બનાવવા કામ કરીશ. અમને સરકારની કેટલીક નીતિઓ સામે વાંધો છે.રાજ્યમાં ગરીબ વર્ગના લોકો આવી નીતિઓથી ત્રસ્ત થઈ થાકી ગયા છે. જેથી આ અન્યાય સામે અવાજ ઉઠાવતો આવ્યો છું અને આગળ પણ ઉઠાવતો રહીશ.

# ગાંધીનગરમાં યુવા હાસ્યકલાકાર હવે અમેરિકાના એફએમ રેડિયો જોકી

### અમેરિકાના સિનસિનાટી શહેરમાં લોકપ્રિય રેડીયો સ્ટેશન "ભારત એફએમ" પર "ડોટ કોમ ડાયરો" પહેલો કાર્યક્રમ પ્રસ્તુત કર્યો

ગાંધીનગર તા.૨૯

ગાંધીનગરમાં પોતાના આગવા અંદાજથી સૌ કોઈને હાસ્યના હિલ્લોળે હિંચકાવવા માટે જાણીતા યુવા હાસ્યકલાકાર હરપાલસિંહ ઝાલાએ આજથી અમેરિકાના એફએમ રેડિયો પર રેડિયો જોકી તરીકે પોતાની નવી ઈનિંગની શરૂઆત કરી છે. અમેરિકાના સિનસિનાટી શહેરમાં ઓહિયો અને ફીનિક્સથી પ્રસારિત થતા ફાઉન્ડર મનન રાવલના એક લાખથી વધુ શ્રોતાઓ ધરાવતા લોકપ્રિય રેડીયો સ્ટેશન "ભારત એફએમ" પર આજે તેમણે "ડોટ કોમ ડાયરો" નામના દર સપ્તાહે પ્રસારિત થનારા કાર્યક્રમ થકી પોતાનો પહેલો કાર્યક્રમ પ્રસ્તુત કરીને સનસનાટી મચાવી દીધી છે. ભારતના હાલના વડાપ્રધાન સહિત ગુજરાતના ત્રણ ત્રણ મુખ્યમંત્રીને હસાવવાનો અનુભવ ધરાવતા હરપાલસિંહ ઝાલાએ આ પ્રસંગે ગાંધીનગર સમાચાર સાથે ખાસ વાતચીતમાં જણાવ્યુ હતુ કે "તેમની સફળતાનું સંપૂર્ણ શ્રેય તેમના કલાગુરૂ હાસ્યના બેતાજ બાદશાહ શાહબુદ્દીન રાઠોડ તેમજ પથદર્શક હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદી સહીત વડીલો તેમજ શ્રોતાઓના આશીર્વાદને ફાળે જાય છે".



હરપાલસિંહ ઝાલાએ જણાવ્યુ હતુ કે "કોરોના કાળમાં હાસ્ય દરબારો બંધ થતાં તેમને રેડિયો જોકી બનવાનો વિચાર આવ્યો હતો અને ભારત એફએમ રેડિયોના ગુજરાતના રિજનલ ડાયરેક્ટર તથા જાણીતા કલાકાર પ્રકાશ જાડાવાલા પ્રજાના કારણે તે વિચાર હકીકત બની શક્યો છે". અત્રે ઉલ્લેખનીય છે કે હરપાલસિંહ ઝાલાની કારકિર્દી એક એસટીડી બુથ ચલાવતા ટેલિફોન ઑપરેટરથી શરુ થઈને હાસ્યકલાકાર સુધીની અત્યંત રોમાંચક રહી છે. હરપાલસિંહ ઝાલાના પિતા જયેન્દ્રસિંહ ઝાલા ગાંધીનગરના પ્રવેશદ્વારે સ્થિત જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યુટની સ્થાપક જયરામભાઈ પટેલના ડ્રાઈવર હતા અને ઈન્સ્ટિટ્યૂટની સામે હરપાલસિંહે પરિવારને મદદરૂપ થવાના આશયથી પોતાના કૉલેજકાળના અભ્યાસ ક્રમ દરમિયાન એક એસટીડી બુથ શરુ કર્યુ હતું. આ દરમ્યાન જયરામભાઈ પટેલે તેમને પોતાની ઈન્સ્ટિટ્યૂટમાં ટેલિફોન ઓપરેટર તરીકે નોકરી આપી હતી. ટેલિફોન ઓપરેટર તરીકેની નોકરીમાં તેમની ભાષાશુધ્ધિ થઈ તેમજ પરિચય વધતાં અનેક હસ્તીઓ સાથે ઘરોબો કેળવાયો હતો. બીજી તરફ હરપાલસિંહ ઝાલા સે.૨૦માં કોમર્સ કોલેજમાં અભ્યાસ દરમ્યાન એનએનએસની પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં હતાં ત્યારે ઈસનપુર મગોડી ગામે યોજાયેલા એક કાર્યક્રમમાં એનએનએસ ઈન્ચાર્જ ડો.એલ પી પટેલે તેમને પ્રોત્સાહન આપી કોઈપણ એક પર્ફોમન્સ રજુ કરવા જણાવ્યું ત્યારે તેમણે કોઈ પણ જાતની તૈયારી કે અનુભવ વગર પહેલીવાર શાહબુદ્દીન રાઠોડની છટામાં વનેચંદનો વરઘોડો કૃતિ પ્રસ્તુત કરી વાહવાહી મેળવી હતી. ગ્રેજ્યુએશન પૂરું થતાં તેમને જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ - એનઆઈસીએમમાં લાઈબ્રેરી સંભાળવાનું કામ સોંપવામાં આવ્યું જ્યાં ૩૫ હજારથી વધુ પુસ્તકો ઉપલબ્ધ હતા, જેના કારણે તેમનો વાંચનનો શોખ વિકસ્યો હતો અને તેમણે ઝવેરચંદ મેઘાણીના લોકસાહિત્ય ઉપરાંત વિનોદ ભટ્ટ, તારક મહેતા, શાહબુદીન રાઠોડ અને જગદીશ ત્રિવેદીના પુસ્તકો વાંચ્યાં જેના કારણે તેમનો રમૂજી હાસ્ય શૈલી અને સંસ્કૃતિ પ્રત્યેનો લગાવ વધ્યો હતો. વર્ષ ૨૦૧૫માં એક કાર્યક્રમમાં તેમણે ભાવેશ મિસ્ત્રી નામના હાસ્યકલાકારને પરફોર્મ કરતા નિહાળી વિચાર્યુ કે આ તો હું પણ કરી શકું તેમ છું તેથી તેમણે પોતાના હાસ્ય કલાકાર તરીકેના વિઝીટીંગ કાર્ડ છપાવી વહેંચવાનું શરૂ કરી દીધુ હતું. જોકે શરુઆતમાં તેમનો ઉપહાસસ પણ થયો અને અવગણના થઈ હતી. જોકે આ વિઝિટિંગ કાર્ડના કારણે અમદાવાદની 'અમે ગુજરાતી કલ્ચરલ ક્લબ'ના હર્ષદરાય ઠક્કરે વસ્ત્રાપુરમાં એક વૃદ્ધાશ્રમમાં યોજેલા કાર્યક્રમમાં પરફોર્મન્સ આપવા માટે બોલાવ્યા હતા જ્યાં ૩૫૦વડીલો વચ્ચે તેમણે પોતાનું પ્રથમ પુરસ્કૃત કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. આ કાર્યક્રમનો વીડિયો જેમ જેમ વાઈરલ થયો તેમ તેમ તેમને વધુ કામ મળવા લાગ્યું હતું અને એક દિવસ એવો આવ્યો કે તેમણે વર્ષ ૨૦૧૭માં નારાયણી હાઈટ્સ ખાતે પોતાના કલાગુરૂ શાહબુદ્દીન રાઠોડ સાથે એક જ સ્ટેજ પર હાસ્યનો વરઘોડો ગામનો હાઉસફુલ ટિકિટ શૉ પ્રસ્તુત કર્યો હતો. આ પછી હાસ્ય કલાકાર તરીકે જાણીતા બનેલા હરપાલસિંહ ઝાલાએ દૂરદર્શન જીટીપીએલ વગેરે ચેનલો પર કાર્યક્રમો સહિત અનેક સ્ટેજ શો નામના પ્રાપ્ત કરી. હરપાલસિંહે યુવાનોને સંદેશ આપતા જણાવ્યું કે ગરીબી કે જગતની કોઈ પણ વિષમ પરિસ્થિતિ માણસને તેનાં નિર્ધારિત લક્ષ્યાંકને ભેદતા રોકી ન શકે જો માણસ મનમાં એકવાર ગાંઠ વાળીને ભલે ધીમી પરંતુ મક્કમતાપૂર્વકની ધગશપૂર્ણ કર્મની ગતિ ટકાવી રાખે તો, આ મારો જાત અનુભવ છે.

# માલપુરની ફાઈનાન્સ પેઢીમાં ડુપ્લીકેટ સોનાની બંગડી આપી લોન લેવા જતાં બે ઝડપાયા

### પેઢીના કર્મચારીઓની સતર્કતાથી ડુપ્લીકેટ બંગડીનો ભાંડો ફૂટ્યો, મેઘરજના બે ઈસમો સામે છેતરપીંડીનો ગુનો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

માલપુરની આઈ.આઈ. એફ.એલ. ખાનગી ફાઈનાન્સ પેઢીમાં સોનાની ડુપ્લીકેટ બંગડી પધરાવી મેઘરજના બે ઈસમોએ ગોલ્ડ લોન લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પેઢીના કર્મચારીઓની સતર્કતાથી ડુપ્લીકેટનો ભાંડો ફૂટી જતાં પોલીસ ફરિયાદ થઈ છે. આશરે સવા બે તોલા સોનાની ડુપ્લીકેટ બંગડીઓ આપી અંદાજીત રૂા.૭૦,૦૦૦ની લોન લેવાની ફીરાકમાં ભાંડો ફૂટી જતાં લોકઅપની હવા ખાવાનો વારો આવ્યો છે. બનાવ અંગે માલપુર પોલીસે છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

જિલ્લામાં છેતરપીંડીના કિસ્સા કાયમી બન્યા છે. પૈસા માટે ગમે તેની આંખમાં ધૂળ નાખી ખિસ્સાં ભરી લેવાની વૃત્તિથી ક્યારેક લોકઅપની હવા ખાવાનો વારો આવતો હોય છે. મેઘરજના ઘોંચીવાડા વિસ્તારમાં રહેતા ઈશાકભાઈ મુસાભાઈ મેઘરજીયા અને પોસ્ટ ઓફીસ નજીક રહેતા સદામહૂસેન ભીખાભાઈ ઘાંચીપટેલે સોનાની ડુપ્લીકેટ બંગડીઓ ઉપર લોન લેવાનો કારસો રચ્યો હતો જેમાં તા.૨૮ના રોજ બપોરે માલપુરની એક ખાનગી ફાઈનાન્સ પેઢીમાં ડુપ્લીકેટ બંગડીઓ સાથે પહોંચ્યા હતા જ્યાં લોન જોઈતી હોવાનું કહી બંગડીઓ આપી તો ખરી પરંતુ ફરજ પરના કર્મચારીઓએ બંગડીઓ ઉપર સોનાનું પાણી ચઢાવ્યું હોવાનું જણાઈ આવ્યું હતું જેથી લોન આપવા માટેનો ધરાર ઈન્કાર કરી દીધો હતો દરમ્યાન ડુપ્લીકેટ બંગડીઓ સાથે આવેલા ઈસમો અન્ય કોઈને છેતરી ન જાય તે માટે ખાનગી પેઢી દ્વારા અગાઉથી માલપુરની આઈ.આઈ. એફ.એલ. ફાઈનાન્સને જાણ કરી દેવામાં આવી હતી. આશંકા મુજબ મેઘરજના બંન્ને ઈસમો આઈ.આઈ.એફ.એલ. પેઢીમાં ડુપ્લીકેટ બંગડીઓ સાથે પહોંચ્યા જ્યાં ગોલ્ડ લોન લેવાની વાતોમાં ઉલજાવી રાખી પેઢીના બ્રાન્ચ મેનેજર દ્વારા પોલીસને બોલાવી છેતરપીંડી કરવા આવેલા બંન્ને ઈસમોને પકડાવી દેતાં લોકઅપમાં ધકેલાયા છે. બનાવ અંગે વિમલકુમાર હીરાભાઈ શર્માની ફરિયાદના આધારે માલપુર પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અન્ય પેઢીમાં ડુપ્લીકેટ સોનું આપી છેતરપીંડી કરી હોવાની આશંકા

માલપુરની આઈ.આઈ.એફ.એલ. ફાઈનાન્સ પેઢીમાં ગોલ્ડ લોન માટે મેઘરજના બે લઘુમતી ઈસમોએ ડુપ્લીકેટ સોનાની બંગડીઓ આપી છેતરપીંડી આચરવાનો પ્રયાસ કરતાં પોલીસ ફરિયાદ થઈ છે. સદર બનાવમાં પોલીસ દ્વારા આ મુદ્દે ઉંડી તપાસ થાય તો આજ પ્રકારે ડુપ્લીકેટ સોનું આપી અન્ય ફાઈનાન્સ પેઢીઓ સાથે છેતરપીંડી કરી હોવાની આશંકા વ્યક્ત થઈ છે.

# વસ્ત્રાપુરની હોટલમાં દારૂની મહેફીલ, ૧૧ નબીરા ઝડપાયા

### દારૂબંધીના ધજાગરા ઊડાવતા માલેતુજાર નબીરાઓ : બે યુવતીઓએ દારૂ ન પીધો હોઈ છોડી મુકાઈ, કેટલાક યુવાનો તો પાર્ટી માટે પાલનપુરથી ખાસ આવ્યા હતા

અમદાવાદ શહેરમાં ફરી એકવાર નબીરાઓ દારૂનીમહેફીલ માણતા ઝડપાયા છે. અમદાવાદના વસ્ત્રાપુર પોલીસ દ્વારા દરોડો પાડીને દારૂની મહેફીલ માણી રહેલા ૧૧ લોકોને ઝડપી લેવામાં આવ્યા છે. જો કે તે પૈકી ૨ યુવતીઓએ દારૂ નહી પીધો હોવાનાં કારણે તેમને છોડી મુકાઈ છે. જ્યારે ૯ લોકોને પોલીસે ઝડપી લીધા છે. એસ.એન બ્લુ હોટલમાં દારૂની મહેફીલ માણતા ૯ નબીરાઓને પોલીસે ઝડપી લીધા છે. આ યુવાનો પાર્ટી કરવા માટે સ્પેશિયલ હોટલમાં એકત્ર થયા હતા. જો કે પોલીસને મળેલી બાતમીના આધારે તેમણે દરોડો પાડીને રંગમાં ભંગ પાડ્યો હતો.

હોટલમાં પાર્ટી કરવા એકત્ર થયેલા નબીરાઓમાં ૨ યુવતીઓ પણ હતી. જો કે યુવતીઓએ દારૂ નહી પીધો હોવાનાં કારણે તેમને તત્કાલ છોડી મુકવામાં આવી હતી. જ્યારે ૯ નબીરાઓની ધરપકડ કરીને તેમને મેડીકલ ચેકઅપ માટે મોકલી અપાયા છે. ઝડપાયેલા લોકો પૈકી કેટલાક લોકો છેક પાલનપુરથી માત્ર પાર્ટી કરવા માટે જ આવ્યા હોવાનું સામે આવ્યું છે. હાલ તો પોલીસે તમામને ઝડપીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત દારૂ ક્યાંથી આવ્યો તે અંગેની તપાસ પણ પોલીસ ચલાવી રહી છે. ઝડપાયેલા નબીરાઓમાં જૈનમ શાહ – વાસણા, જીગર પરમાર – વેજલપુર, વિકી શાહ – પાલનપુર, સંજય પટેલ – રાણીપ, શાલીન શાહ – વાસણા, વૈભવ શાહ – પાલડી, વરસાદ શાહ – પાલનપુર, વિશાલ પરીખ – વસ્ત્રાપુર, વિકાસ શાહ – પાલનપુરનો સમાવેશ થાય છે.

# અકસ્માત કરી ફરાર પર્વ શાહ પોલીસ સમક્ષ હાજર થયો

### અમદાવાદનો શિવરંજની હિટ એન્ડ રન કેસ : પોલીસથી બચવાના ચક્કરમાં યુવાને કારને દોડાવીને શિવરંજની પાસે આવેલી ફૂટપાથ પર ચઢાવી દીધી હતી

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદના શિવરંજની ચાર રસ્તા પાસે સોમવારે મોડી રાત્રે ફૂટપાથ પર સૂતેલા પરિવાર પર કાર ચલાવી ફરાર થઈ ગયેલો પર્વ શાહ આજે પોલીસ સમક્ષ હાજર થઈ ગયો છે. આ ઘટનામાં એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ કાર ચાલક અને તેની સાથેના અન્ય ૪ લોકો ફરાર થઈ ગયા હતા.

જે કારથી આ અકસ્માત સર્જાયો હતો તે આઈ૨૦ મીઠાખળીના શૈલેષ શાહ નામે રજિસ્ટર્ડ હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ કારના ૯ જેટલા મેમા પણ ભરવાના બાકી હતા. પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ કાર શૈલેષ શાહનો પુત્ર પર્વ ચલાવી રહ્યો હતો.

૨૧ વર્ષનો પર્વ શાહે બી.કોમ સુધીનો અભ્યાસ કર્યો છે અને પોતાના પિતા સાથે કુર્તીનો બિઝનેસ કરે છે. કાંકરિયા પાસેના સુમેલ કોમ્પ્લેક્સમાં તેમની દુકાન આવેલી છે. પર્વ શાહ કર્ફ્યુ વચ્ચે મિત્રો સાથે ફરવા નીકળ્યો હતો. જાણવા મળ્યા મુજબ, તેમની સાથે ૧૭ વર્ષની એક છોકરી પણ હતી. જોકે, સિંધુભવન રોડ પર પોલીસને જોઈને તેઓ ગલીમાં વળી ગયા હતા. પાછળ પોલીસ આવી રહી હોવાથી તેણે કાર ભગાવી હતી અને પોલીસથી બચવાના ચક્કરમાં તેણે શિવરંજની ચાર રસ્તા પાસે આવેલા બીમાનગર નજીક ફૂટપાથ પર સૂઈ રહેલા મજૂર પરિવાર પર કાર ચડાવી દીધી હતી.

આ ચકચારી ઘટનામાં સંતુબેન નામની મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાબુભાઈ નામના વ્યક્તિને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઉપરાંત ત્રણ બાળકો જેતન, સુરેખા અને વિક્રમ પણ ગંભીર રીતે ઘવાયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં એડમિટ કરાવાયા છે.

આ અકસ્માત સમયે કાર પર્વ શાહ ચલાવી રહ્યો હતો. તે અને તેના મિત્રો અકસ્માત બાદ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. જોકે, મંગળવારે બપોર બાદ પર્વ શાહ સેટેલાઈટના એન ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં હાજર થયો છે.

# અરવલ્લી જિલ્લાની તમામ આંગણવાડીના ૩૯,૭૦૦ બાળકોને ગણવેશ વિતરણ કરાશે

### કલેકટરનાં હસ્તે આંગણવાડીનાં પ્રતિકાત્મકરૂપે છ બાળકોને ગણવેશ વિતરણ

ભિલોડા,તા.૨૯

ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી



દ્વારા ગાંધીનગરથી ગુજરાતના આંગણવાડીના ૧૪ લાખ બાળકોને ગણવેશ વિતરણનો ઓનલાઈન કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. જે અંતર્ગત અરવલ્લી જિલ્લા કક્ષાનો કાર્યક્રમ જિલ્લા કલેકટર કચેરીનાં વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે જીલ્લા કલેકટર નરેન્દ્રકુમાર મીના તથા જિલ્લા વિકાસ અધિકારી શ્વેતા ટીટોયાની ઉપસ્થિતિમાં યોજાયો.

જે અનુસાર કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાનાં વરદ હસ્તે આ કાર્યક્રમનાં પ્રતીકરૂપે અરવલ્લી જિલ્લાના છ બાળકોને યુનિફોર્મ અને કીટ વિતરણ કરાયા હતા. અરવલ્લીના ૩૯૭૦૦ બાળકોને આંગણવાડી કાર્યક્રમ દ્વારા બાળકની ગૃહ મુલાકાત લઈને ગણવેશ વિતરણ કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન આઈસીડીએસ શાખા દ્વારા કરાયું હતું.

આ શુભારંભ નિમિતે કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ આંગણવાડી કાર્યકર તથા તેડાઘર બહેનોનની કામગીરીને બિરદાવતા જણાવ્યું કે, છેલ્લા કેટલાક સમયથી આપણે સૌ કોરોનાની મહામારી સામે ઝઝૂમી રહ્યા છીએ અને આવા કપરા સમયમાં પણ આંગણવાડીના બાળકોને ઘરે-ઘરે જઈને કુપોષણમાંથી બહાર લાવી પોષણયુક્ત આહાર પૂરો પાડી બાળકોને સશક્ત બનાવવાનું કાર્ય કર્યુ છે. આ કામગીરીને વધુ અસરકારક બનાવવા ખાસ ભાર મુક્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ, મહિલા અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન, આંગણવાડી કાર્યકર,તેડાઘર બહેનો તથા નાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વન નેશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રવાસી મજૂરોના રજિસ્ટ્રેશન માટે પોર્ટલ તૈયાર કરે. આ પ્રક્રિયા ૩૧ જુલાઈ સુધી શરૂ થઈ જવી જોઈએ. કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો છે કે તે પ્રવાસી મજૂરોના અનાજના પુરવઠા માટે રાજ્યોની ડિમાન્ડના આધારે તેમને અનાજ ઉપલબ્ધ કરાવે. સાથે જ રાજ્યોને કહ્યું કે, તે મજૂરોને જ્યાં સુધી કોરોનાની સ્થિતિ છે ત્યાં સુધી ડ્રાય રાશન ઉપલબ્ધ કરાવે. સાથે જ રાજ્યોને કહ્યું છે કે, તે કોમ્યુનિટી કિચન ચલાવતા રહે અને જ્યાં સુધી કોરોના મહામારીની સ્થિતિ છે કોમ્યુનિટી કિચન ચાલે જેથી પ્રવાસી મજૂરોને તેનો લાભ મળી શકે.

સુપ્રીમ કોર્ટે રાજ્યોને કહ્યું છે કે, તમામ સંબંધિત સંસ્થાઓ અને કોન્ટ્રાક્ટર્સને ઈન્ટર સ્ટેટ માઈગ્રન્ટ વર્કર્સ એક્ટ ૧૯૭૯ હેઠળ રજિસ્ટર કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે ગત આદેશમાં કહ્યું હતું કે, પ્રવાસી મજૂરોના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ઘણી ધીમી છે. રજિસ્ટ્રેશન પ્રક્રિયા નિશ્ચિત રીતે ઝડપી કરવામાં આવે જેથી કોવિડ સમયે આ પ્રવાસી મજૂરોને લાભવાળી યોજનાઓનો લાભ મળી શકે.

## બે આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમાંડર અબ્રાર છે તેમ પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું. અબ્રાર પાસેથી એક પિસ્ટલ તેમજ હેન્ડ ગ્રેનેડ જપ્ત કરાયા હતા.

ત્યારબાદ પોલીસ અબ્રારને તે સ્થળે લઈ ગઈ જ્યાં તેણે એકે-૪૭ રાઈફલ છુપાવી હતી. એક ઘરને પોલીસે ઘેરી લીધું હતું અને સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. આ ઘરમાં રહેલા પાકિસ્તાની આતંકવાદીએ પોલીસ ટીમ પર ફાયરિંગ કર્યું હતું. પોલીસે ઘરમાં ઘૂસીને બીજા આતંકવાદીને ઝડપી લીધો હતો. સામસામે થયેલા ગોળીબારમાં ત્રણ સીઆરપીએફ જવાનો ઘાયલ થયા હતા. બીજીતરફ સર્ચ પાર્ટી સાથે રહેલા લશ્કરના કમાંડર અબ્રારને પણ ઈજા થઈ હતી. પોલીસે વળતા જવાબમાં ફાયરિંગ કરીને પાકિસ્તાની આતંકવાદી તેમજ અબ્રારને ઠાર કરી દીધા હતા. આતંવાદીઓ જ્યાં છુપાયા હતા તે ઘરમાંથી પોલીસને બે રાઈફલ સહિત કેટલીક વિસ્ફોટક સામગ્રી મળી હોવાનું જણાવ્યું છે.

પોલીસના જણાવ્યા મુજબ અબ્રાર ચાલુ વર્ષે લાવાયપોરામાં સીઆરપીએફના ત્રણ કર્મીઓની હત્યામાં સામેલ હતો.

## ૩૫૧ કામોને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહેસૂલ મંત્રીએ ઉમેર્યું કે જિલ્લા આયોજનના કામોમાં જે કામો મંજુર કરવામાં આવે તે સંભંવિત કોરોનાની લહેરને ધ્યાને રાખીને આરોગ્યને લગતાં કામોને પ્રાધાન્ય આપવું જોઈએ. તેમણે ઉમેર્યુ કે વિકાસના કામોની ગુણવત્તા તથા સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે કોઈપણ જાતની ઢીલાસ રાજ્ય સરકાર ચલાવી લેશે નહીં. કામોના સ્થળ બદલવા અંગે પણ કામના ધોરણોને પ્રાધાન્ય આપવા તેમણે સૂચન કર્યુ હતું.

મંત્રીએ ઉમેર્યુ કે આયોજન મંડળની બેઠકમાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે તાલુકાકક્ષાની વિવિધ જોગવાઈ જેવી કે વિવેકાધીન જોગવાઈ, ખાસ અંગભુત જોગવાઈ, પ્રોત્સાહક જોગવાઈ અને ખાસ ભૌગોલિક પછાત વિસ્તાર જોગવાઈ માટે મળવાપાત્ર થતી રૂ. ૪૭૫ લાખની ગ્રાંટની સામે ૩૩૮ કામો રૂ. ૪૯૨.૫૦ લાખના, નગરપાલિકા જોગવાઈની મળવાપાત્ર થતી રૂ. ૭૫ લાખની ગ્રાંટની સામે ૧૦ કામો રૂ. ૭૫.૪૩ લાખના, જિલ્લા કક્ષાની જોગવાઈની મળવાપાત્ર રૂ. ૧૫૦ લાખની ગ્રાંટ સામે રૂ. ૧૫૦ લાખના કામો મંજુર કરવા સુચન કર્યું હતું. મંજુર કરવામાં આવેલ કામોમાં મુખ્યત્વે પાણી પુરવઠાના રૂ. ૧૪૨.૨૧ લાખના, ગ્રામ્ય માર્ગોના ૧૩૫.૪૪ લાખના ગંદા વસવાટોની વાતાવરણલક્ષી સુધારણાના રૂ. ૧૦૫.૮૨ લાખના, સ્થાનિક વિકાસના રૂ. ૮૫.૧૦ લાખના, પ્રાથમિક શિક્ષણના, પોષણ અને આરોગ્ય રૂ. ૪૦.૫૬ લાખના તેમજ ભૂમિસંરક્ષણના રૂ. ૪૭.૫૦ લાખના અને વિજળીકરણના રૂ. ૧૭.૩૦ લાખના એમ મળી કુલ રૂ. ૫૭૭.૯૩ લાખના ૩૫૧ કામોને મંજુર કરાયા છે જે કામો સત્વરે હાથ ધરાશે.

## ૩૫૧ કામોને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ આ સ્થિતિમાં તો સરકારી તંત્ર જ ભાડુઆતોની પાછળ પડી ગયુ છે. કરોડોના ખર્ચે નિર્માણ પામતા બિલ્ડીંગોમાં બી યુ પરમીશનથી માંડી અનેક નિયમોના અમલીકરણમાં ઐસી તૈસી કરતા ગુડાનુ વહીવટી તંત્ર ગરીબ લાભાર્થીઓને ટાર્ગેટ બનાવી કનડગત કરી રહ્યા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. અત્યાર સુધી યોગ્ય મરામત અને જાળવણીના અભાવે ખંડર બનતા આવાસોના મામલે સંબંધિત એજન્સીને નિયમો બતાવાના બદલે છાવરવામાં આવી રહી છે. બીજીતરફ ગુડાના કર્મચારીઓ રોજબરોજ ભાડુઆતોનો સર્વે કરી નોટીસ આપી મકાનો સીલ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરતા મહામારીની સ્થિતિમાં લાભાર્થીઓ આર્થિક મુંઝવણમાં મુકાયા છે. આ સ્થિતિ વચ્ચે કેટલાક લાભાર્થીઓ ગુડાની આ કનડગત અને ભ્રષ્ટ નિતી અંગે પ્રધાનમંત્રી કાર્યાલયના પોર્ટલ પર રજુઆત કરવાના છે.

## મોર્ડના રસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપયોગ શરૂ કરતા પહેલા પ્રથમ ૧૦૦ લાભાર્થીઓમાં કરવામાં આવેલા રસીકરણનું આકલન સોંપવું પડશે. સિપલાએ સોમવારે અરજી આપી આ રસીના આયાતની મંજૂરી માંગી હતી. તેણે ૧૫ એપ્રિલ અને એક જૂનના ડીસીજીઆઈ નોટિસનો હવાલો આપ્યો હતો.